GUJARATI TRANSLATION of the Department for Education statutory guidance for schools and colleges:

## Keeping children safe in education 2024

## Part one: Information for all school and college staff

Find KCSIE Part 1 translated into 13 community languages at kcsietranslate.lgfl.net

NB This translation goes up to and includes the diagram on page 22 on the full version of part one

Department for Education

# શિક્ષણ 2024 માં બાળકોને સુરક્ષિત રાખવા

## શાળાઓ અને કોલેજો માટે વૈધાનિક માર્ગદર્શન

02 સપ્ટેમ્બર 2024

LGfL SafeguardED

# સારાંશ

## આ માર્ગદર્શનની સ્થિતિ શું છે

આ શિક્ષણ અધિનિયમ 2002 (સુધાર્યા મુજબ), શિક્ષણ (સ્વતંત્ર શાળા ધોરણો) નિયમન 2014, બિન-સંચાલિત વિશેષ શાળાઓ (ઇંગ્લેન્ડ) નિયમન 2015 ની કલમ 175 હેઠળ જારી કરાયેલ શિક્ષણ વિભાગ ('વિભાગ') અને એપ્રેન્ટિસશીપ્સ, સ્કીલ્સ, ચિલ્ડ્રન એન્ડ લર્નિંગ એક્ટ 2009 (સુધાર્યા પ્રમાણે) તરફથી વૈધાનિક માર્ગદર્શન છે. ઇંગ્લેન્ડની શાળાઓ અને કોલેજોએ બાળકોની સુરક્ષા અને તેમના કલ્યાણનેપ્રોત્સાહન માટે તેમની ફરજો નિભાવતી વખતે તેને ધ્યાનમાં લેવું **આવશ્યક** છે. આ માર્ગદર્શનના હેતુઓ માટે બાળકોમાં 18 વર્ષથી ઓછી ઉંમરના દરેકનો સમાવેશ થાય છે.

## આ માર્ગદર્શન વિશે

અમે પૂર્ણ માર્ગદર્શનમાં "**આવશ્યક**" અને "**જોઈએ**" શબ્દોનો ઉપયોગ કરીએ છીએ.  જ્યારે સંબંધિત વ્યક્તિને કાયદેસર રીતે કંઇક કરવાની જરૂર હોય, ત્યારે અમે "**આવશ્યક**" શબ્દનો ઉપયોગ અને "**જોઈએ**" નો ઉપયોગ કરીએ છીએ જ્યાં સુધી ન કરવા માટેનું કોઈ યોગ્ય કારણ ન હોય ત્યાં સુધી સૂચવવામાં આવેલી સલાહનું પાલન કરવું જોઈએ. માર્ગદર્શન સાથે આ વાંચવું **જોઈએ**:

- વૈધાનિક માર્ગદર્શન Working Together to Safeguard Children (બાળકોની સુરક્ષા માટે સાથે મળીને કામ કરવું), અને
- વિભાગીય સલાહ What to do if you're worried a child is being abused: advicefor practitioners બાળકનું શોષણ થઈ રહ્યું છે તે અંગે તમે ચિંતિત હો તો શું કરવું: પ્રેક્ટિશનરો માટે સલાહ)

**અન્યથા જયાં સુધી ઉલ્લેખિત ન હોય:**

- '**સ્કૂલ**' નો અર્થ થાય છે: તમામ શાળાઓ ભલે તેની જાળવણી કરેલ હોય કે જાળવણી કરેલ ન હોય અથવા સ્વતંત્ર શાળાઓ (અકાદમીઓ, મફત શાળાઓ અને વૈકલ્પિક જોગવાઈ અકાદમીઓ સહિત), જાળવણી કરેલ નર્સરી શાળા[1] અને વિદ્યાર્થીઓના રેફરલ એકમો
- '**કોલેજ**' નો અર્થ ઉચ્ચ શિક્ષણ અધિનિયમ 1992 હેઠળ સ્થપાયેલી આગળના શિક્ષણ માટેની કોલેજો અને છઠ્ઠા ફોર્મ વાળા કોલેજો અને આગળના શિક્ષણ ક્ષેત્રની અંદર ગણાતી નિયુક્ત સંસ્થાઓ [2]કૉલેજનો અર્થ એપ્રેન્ટિસશીપ્સ, સ્કીલ્સ, ચિલ્ડ્રન એન્ડ લર્નિંગ એક્ટ 2009 (સુધાર્યા મુજબ) માં નિર્ધારિત 16 પછીના શિક્ષણના પ્રદાતાઓ પણ છે..[3]16-19 અકાદમીઓ, ખાસ પોસ્ટ-16 સંસ્થાઓ અને સ્વતંત્ર તાલીમ પ્રદાતાઓ.

[1] Early Years Foundation Stage Framework (પ્રારંભિક વર્ષોનો ફાઉન્ડેશન સ્ટેજ ફ્રેમવર્ક) (EYFS) શરૂઆતના તમામ પ્રદાતાઓ માટે ફરજિયાત છે. આ તમામ શાળાઓને લાગુ પડે છે, જેમાં પ્રારંભિક વર્ષોની જોગવાઈ હોય તેવા સંચાલિત નર્સરી શાળાઓનો સમાવેશ થાય છે. 'આ માર્ગદર્શન વિશે' હેઠળ સૂચિબદ્ધ અન્ય શાળાઓની જેમ યોગ્ય રીતે સંચાલિત નર્સરી શાળાઓ, બાળકોની સુરક્ષાતેઓના કલ્યાણ માટે પ્રોત્સાહન પૂરું પાડવાની ફરજો નિભાવતી વખતે બાળકોને શિક્ષણમાં સુરક્ષિત રાખવાનું ધ્યાનમાં લેવું આવશ્યક છે (શિક્ષણ અધિનિયમની કલમ 175(2) ના આધારે 2002 – આ જરૂરિયાત પર વધુ વિગત માટે ફૂટનોટ 19 જુઓ).

[2] વધુ અને ઉચ્ચ શિક્ષણ અધિનિયમ 1992 ની કલમ 28 હેઠળ ('નિયુક્ત સંસ્થાઓ').

[3] Apprenticeships, Skills, Children and Learning Act 2009 (એપ્રેન્ટિસશીપ્સ, સ્કીલ્સ, ચિલ્ડ્રન એન્ડ લર્નિંગ એક્ટ 2009) (સુધાર્યા મુજબ)

કોલેજો માટે, માર્ગદર્શન આ સંસ્થાઓમાં શિક્ષણ અથવા તાલીમ મેળવતા બાળકો પ્રત્યેની તેમની જવાબદારીઓ સાથે સંબંધિત છે.

## પીડિત અને કથિત ગુનેગાર(રો)

આ માર્ગદર્શનના હેતુઓ માટે, અમે, કેટલીક જગ્યાએ, '**પીડિત**' શબ્દનો ઉપયોગ કરીએ છીએ. આ વ્યાપકપણે જાણીતો અને સમજી શકાય તેવો શબ્દ છે. એ મહત્વનું છે કે શાળાઓ અને કોલેજો એ વાતને સમજે કે દુર્વ્યવહારનો ભોગ બનેલી દરેક વ્યક્તિ પોતાને પીડિત માનતી નથી અથવા આ રીતે તેનું વર્ણન થાય તેવું ઇચ્છતીતી નથી. છેવટે, શાળાઓ અને કોલેજોએ કોઈપણ ઘટનાનું સંચાલન કરતી વખતે આ અંગે સભાન રહેવું જોઈએ અને બાળક જેની સાથે સૌથી વધુ અનુકૂળ હોય તેવા કોઈપણ શબ્દનો ઉપયોગ કરવા માટે તૈયાર રહેવું જોઈએ.

આ માર્ગદર્શનના હેતુ માટે, અમે, કેટલીક જગ્યાએ ' '**કથિત ગુનેગાર(રો)**' નો અને જ્યાં યોગ્ય હોય ત્યાં ' '**ગુનેગાર(રો)**'' શબ્દનો ઉપયોગ કરીએ છીએ. આ વ્યાપકપણે ઉપયોગમાં લેવાતા અને માન્ય શબ્દો છે અને માર્ગદર્શનના અસરકારક ડ્રાફ્ટ તૈયાર કરવામાં મદદ કરવા માટે સૌથી યોગ્ય છે. જો કે, શાળાઓ અને કોલેજોએ પરિભાષા વિશે ખૂબ જ કાળજીપૂર્વક વિચારવું જોઈએ, ખાસ કરીને બાળકોની સામે બોલતી વખતે, ખાસ કરીને કારણ કે કેટલાક કિસ્સાઓમાં અપમાનજનક વર્તન ગુનેગાર માટે પણ નુકસાનકારક હોય છે. ઉપર મુજબ, દરેક કેસ મુજબ જે યોગ્ય લાગે તે પરિભાષાનો ઉપયોગ કરવાનો નિર્ણય શાળા અને કોલેજોનો રહેશે.

## આ માર્ગદર્શન કોના માટે છે

**આ વૈધાનિક માર્ગદર્શન નીચેનાએ વાંચવું જોઈએ અને તેનું પાલન કરવું જોઈએ:**

- એપ્રેન્ટિસશીપ્સ, સ્કીલ્સ, ચિલ્ડ્રન એન્ડ લર્નિંગ એક્ટ 2009માં (સુધાર્યા પ્રમાણે) નિર્ધારિત કરાયેલી **શાળાઓ (જાળવણી નર્સરી શાળાઓ સહિત) અને કોલેજોના સંચાલક મંડળો** જેમાં 16 પછીના શિક્ષણ પ્રદાતાઓનો સમાવેશ થાય છે: 16-19 એકેડમી, ખાસ પોસ્ટ-16 સંસ્થાઓ અને સ્વતંત્ર તાલીમ આપનાર .
- **સ્વતંત્ર શાળાઓના માલિક** (અકાદમીઓ, મફત શાળાઓ અને વૈકલ્પિક જોગવાઈ અકાદમીઓ સહિત) અને બિન-સંચાલિત ખાસ શાળાઓ. એકેડમી, મફત શિક્ષણ આપતી શાળાઓ અને વૈકલ્પિક જોગવાઈ એકેડમીના કિસ્સામાં, માલિક એકેડમી ટ્રસ્ટ ગણાશે
- **વિદ્યાર્થી રેફરલ એકમો**(PRUs) **ની મેનેજમેન્ટ સમિતિઓ, અને**
- **વરિષ્ઠ નેતૃત્વ ટીમો**

સમગ્ર માર્ગદર્શન દરમિયાન, '**સંચાલન સંસ્થાઓ અને માલિકો**'**ના** સંદર્ભમાં વ્યવસ્થાપન સમિતિઓનો સમાવેશ થાય છે, સિવાય કે અન્યથા જણાવવામાં આવેલ હોય.

## શાળા અને કોલેજનો સ્ટાફ

બાળકોના કલ્યાણની સુરક્ષા કરવી અને તેને પ્રોત્સાહન આપવું તે **દરેકની** જવાબદારી છે. સંચાલક મંડળો અને માલિકોએ એની ખાતરી કરવી જોઈએ કે જે કર્મચારીઓ બાળકો સાથે પ્રત્યક્ષ રીતે કામ કરે છે તેઓ આ માર્ગદર્શનનો **ઓછામાં ઓછો** ભાગ એક વાંચે.

સંચાલક મંડળો અને માલિકો, જેઓ તેમના વરિષ્ઠ નેતૃત્વ ટીમ અને ખાસ કરીને તેમના નિયુક્ત સુરક્ષા અધિકારી સાથે કામ કરે છે, તેમણે સુનિશ્ચિત કરવું જોઈએ કે જે કર્મચારીઓ બાળકો સાથે પ્રત્યક્ષ રીતે કામ કરતા નથી તેઓ ભાગ એક અથવા પરિશિષ્ટ A (ભાગ એકનું સંક્ષિપ્ત વર્ઝન) વાંચે. આ સંપૂર્ણપણે શાળા અથવા કોલેજની બાબત છે અને તેમના કર્મચારીઓ માટે બાળકોને સુરક્ષિત કરવા અને તેમના કલ્યાણને પ્રોત્સાહન આપવા માટે કયા માર્ગદર્શન સૌથી અસરકારક રહેશે તેની મૂલ્યાંકન પર આધારિત છે.

સંચાલક મંડળો અને માલિકોએ ખાતરી કરવી જોઈએ કે આ માર્ગદર્શનના ભાગ એક (અથવા જો યોગ્ય હોય તો પરિશિષ્ટ A) માં દર્શાવ્યા મુજબ કર્મચારીઓને તેમની ભૂમિકાઓ અને જવાબદારીઓને સમજવા અને નિભાવવામાં મદદ કરવા માટે કાર્યપધ્ધતિ ઉપલબ્ધ છે.

## આ માર્ગદર્શન શું બદલશે?

આ માર્ગદર્શન 2023 માં બાળકોને સુરક્ષિત રાખવા અંગે બછે. પરિશિષ્ટ F માં નોંધપાત્ર ફેરફારોનું કોષ્ટક શામેલ છે.

LGfL SafeguardED

# ભાગ એક: તમામ કર્મચારીઓ માટે સુરક્ષાત્મક માહિતી

## શાળા અને કોલેજના કર્મચારીઓએ શું જાણવું જોઈએ અને કરવું જોઈએ

### સુરક્ષાત્મક પગલાં અંગે બાળક કેન્દ્રિત અને સમન્વયિત અભિગમ

1. શાળાઓ અને કોલેજો અને તેમના કર્મચારીઓ બાળકો માટેની વ્યાપક સુરક્ષાત્મક વ્યવસ્થાનો એક મહત્વપૂર્ણ ભાગ છે. આ પ્રણાલી વૈધાનિક માર્ગદર્શનમાં વર્ણવેલ છે Working Together to Safeguard Children (બાળકોની સુરક્ષા માટે સાથે મળી કાર્ય કરવું).

2. બાળકોના કલ્યાણની સુરક્ષા કરવી અને તેને પ્રોત્સાહન આપવું તે દરેકની જવાબદારી છે. 'બાળકો' માં 18 વર્ષથી ઓછી ઉંમરના દરેકનો સમાવેશ થાય છે. દરેક વ્યક્તિ જે બાળકો અને તેમના પરિવારો સાથે સંપર્કમાં આવે છે તેમણે એક ભૂમિકા ભજવવાની હોય છે. આ જવાબદારીને અસરકારક રીતે પરિપૂર્ણ કરવા માટે, તમામ પ્રેક્ટિશનરોએ ખાતરી કરવી જોઈએ કે તેમનો અભિગમ બાળક-કેન્દ્રિત છે. આનો અર્થ તે છે કે, હંમેશા તેમણે બાળકના શ્રેષ્ઠ હિતમાં શું છે તે ધ્યાનમાં લેવું જોઈએ.

3. કોઈપણ એક પ્રેક્ટિશનરને બાળકની જરૂરિયાતો અને સંજોગોનો સંપૂર્ણ ખ્યાલ હોઈ શકે નહીં. જો બાળકો અને પરિવારોએ યોગ્ય સમયે યોગ્ય મદદ પ્રાપ્ત કરવી હોય તો, દરેક વ્યક્તિ જે તેમની સાથે સંપર્કમાં આવે તેમણે, ચિંતાઓ ઓળખવામાં, માહિતી શેર કરવામાં, અને તાત્કાલિક પગલાં લેવામાં એક ભૂમિકા ભજવવાની હોય છે. આ માર્ગદર્શનના ઉદ્દેશ્યો માટે, બાળકોની સુરક્ષા કરવી અને તેમના કલ્યાણ માટે પ્રોત્સાહન પૂરું પાડવું નીચે મુજબ વ્યાખ્યાયિત છે:

- સમસ્યાઓ ઉદભવતાની સાથે જ બાળકોની જરૂરિયાતોને પહોંચી વળવા માટે મદદ અને સમર્થન પૂરું પાડવું
- બાળકોને દુર્વ્યવહારથી ઓનલાઈન સહિત, રક્ષણ આપવું, પછી ભલે તે ઘરની અંદર હોય કે બહાર
- બાળકોના માનસિક અને શારીરિક સ્વાસ્થ્ય અથવા વિકાસને નુકશાન થતું અટકાવવું
- સલામત અને અસરકારક સંભાળની જોગવાઈ સાથે સુસંગત પરિસ્થિતિઓમાં બાળકો મોટા થાય તે સુનિશ્ચિત કરવું
- તમામ બાળકોને શ્રેષ્ઠ પરિણામો  મળે તે શક્ય બનાવવા માટે પગલાં લેવા

### શાળા અને કોલેજના કર્મચારીઓની ભૂમિકા

4. શાળા અને કોલેજ કર્મચારીઓ ખાસ કરીને મહત્વપૂર્ણ છે કારણ કે તેઓ સમસ્યા ઓને વહેલી ઓળખવાની , બાળકોને મદદ કરવાની, બાળકોના કલ્યાણ માટે પ્રોત્સાહન પૂરું પાડવાનીઅને સમસ્યાઓને વધતી અટકાવવાની સ્થિતિમાં હોય છે છે.

5. બધા કર્મચારીઓની જવાબદારી છે કે બાળકો શીખી શકે તેવું સલામત વાતાવરણ પ્રદાન કરવું.

6. તમામ સ્ટાફ એવા બાળકોને ઓળખવા માટે તૈયાર હોવો જોઈએ કે જેઓ પ્રારંભિક મદદથી લાભ મેળવી શકે છે.[4]પ્રારંભિક મદદનો અર્થ એ છે કે બાળકના જીવનના કોઈપણ તબક્કે, પાયાના વર્ષોથી કિશોરવયના વર્ષો સુધી, સમસ્યા ઊભી થાય કે તરત જ સહાય પૂરી પાડવી.

7. કોઈપણ કર્મચારી સભ્ય કે જેને કોઈ બાળકના કલ્યાણ વિશે કોઈ પણ ચિંતા હોય તેણે પેરા 49-55 માં દર્શાવેલ પ્રક્રિયાઓને અનુસરવી જોઈએ. કર્મચારીઓએ કોઈ પણ રેફરલ પછી સામાજિક કાર્યકરો અને અન્ય એજન્સીઓને જરૂરી મદદ પુરી પાડવાની અપેક્ષા રાખવી જોઈએ.

8. દરેક શાળા અને કોલેજમાં નિયુક્ત સુરક્ષા અધિકારી હોવો જોઈએ જે કર્મચારીઓને તેમની સુરક્ષાત્મક ફરજો નિભાવવામાં મદદ કરશે અને જે  સ્થાનિક સંસ્થા બાળકોની સામાજિક સંભાળ જેવી અન્ય સેવાઓ સાથે નજીકથી સહકાર સ્થાપિત  કરશે.

9. મોટે ભાગે નિયુક્ત સુરક્ષા અધિકારી (અને કોઈપણ ડેપ્યુટીઝ) પાસે સંપૂર્ણ સુરક્ષાત્મક ખ્યાલ હોય છે અને સુરક્ષાત્મક સમસ્યાઓ માટેના પ્રતિભાવ અંગે સલાહ આપવા માટે એ સૌથી યોગ્ય વ્યક્તિ હોય છે.

10. શિક્ષકોના માનકો 2012 જણાવે છે કે શિક્ષકોએ (જેમાં હેડટીચર શામેલ છે) બાળકોની સુખાકારીને સુરક્ષિત રાખવી જોઈએ અને તેમની વ્યવસાયિક ફરજોના ભાગરૂપે શિક્ષણ વ્યવસાયમાં જાહેર વિશ્વાસ જાળવવો જોઈએ.[5]

## શાળા અને કોલેજના કર્મચારીઓએ શું જાણવાની જરૂર છે

11. તમામ કર્મચારીઓ તેમની શાળા અથવા કોલેજની સુરક્ષાત્મક પગલાંઓ માટેની પ્રણાલીઓથી પરિચિત હોવા જોઈએ, જે તેમને કર્મચારીઓની નિયુક્તિના ભાગ રૂપે સમજાવવું જોઈએ. આમાં શામેલ હોવી જોઈએ:

- બાળ સુરક્ષા નીતિ (જેમાં અન્ય બાબતોમાં સહવિદ્યાર્થી દ્વારા સહવિદ્યાર્થી  સાથે દુર્વ્યવહાર અંગે કાર્ય કરવાની નીતિ અને પ્રક્રિયાઓ પણ શામેલ હોવી જોઈએ)
- વર્તણૂક નીતિ (જેમાં સાયબર ધમકી, પૂર્વગ્રહ-આધારિત અને ભેદભાવપૂર્ણ ગુંડાગીરી વર્તણૂક નીતિ, સહિત ગુંડાગીરીને રોકવાનાં પગલાં શામેલ હોવા જોઈએ ) [6]
- કર્મચારી વર્તણૂક નીતિમાં (કેટલીકવાર તેને આચારસંહિતા કહેવાય છે) અન્ય બાબતો સાથે, ભલે ગમે તેટલી નાની સમસ્યા હોય, કર્મચારીઓ સામેના આક્ષેપો અને વ્હિસલબ્લોઇંગ નો સમાવેશ થવો જોઈએ
- ખાસ કરીને વારંઘડીએ  અને/અથવા લાંબી અવધિઓના સમયે શિક્ષણમાંથી ગેરહાજર રહેતા બાળકોના પ્રતિભાવની સુરક્ષા કરવી,

---

[4] વહેલી મદદ વિશેની વિગતવાર માહિતીનાWorking Together to Safeguard Children. (બાળકોની સુરક્ષા કરવા માટે એક સાથે કાર્ય કરવું) માં મળી શકે છે.

[5] ભૂલ! હાઇપરલિંક સંદર્ભ માન્ય નથી.

[6] તમામ શાળાઓમાં વ્યવહાર નીતિ હોવી જરૂરી છે (સંપૂર્ણ વિગતોhere (અહીં )છે. જો કૉલેજ વ્યવહાર નીતિ અપનાવવાનું પસંદ કરે છે તો તે ઉપર વર્ણવ્યા અનુસાર કર્મચારીઓને જણાવવામાં આવવી જોઈએ.

- નિયુક્ત સુરક્ષા અધિકારી (નિયુક્ત સુરક્ષા અધિકારી અને કોઈપણ ડેપ્યુટીઝની ઓળખ સહિત) ની ભૂમિકા.

નીતિઓની નકલો અને આ ડૉક્યુમેન્ટના ભાગ એકની નકલ (અથવા પરિશિષ્ટ A, જો યોગ્ય હોય તો) **તમામ** કર્મચારીઓને નિયુક્તિ સમયે પ્રદાન કરવી જોઈએ.

12. નિયુક્તિ વખતે તમામ કર્મચારીઓને યોગ્ય સુરક્ષા અને બાળ સુરક્ષાની તાલીમ (ઓનલાઈન સલામતી સહિત જેમાં, અન્ય બાબતોની સાથે, ફિલ્ટરિંગ અને મોનિટરિંગ સંબંધી અપેક્ષાઓ, લાગુ પડતી ભૂમિકાઓ અને જવાબદારીઓની સમજ શામેલ હોય છે - વધુ માહિતી માટે પેરા 140 જુઓ) આપવી જોઈએ. તાલીમ નિયમિતપણે અપડેટ થવી જોઈએ. આ ઉપરાંત, તમામ કર્મચારીઓને સુરક્ષાત્મક અને બાળ સુરક્ષા (ઓનલાઇન સલામતી સહિત) અપડેટ્સ (ઉદાહરણ તરીકે, ઇમેઇલ, ઇ-બુલેટિન અને કર્મચારીઓની મીટિંગ્સ દ્વારા), આવશ્યકતા મુજબ, અને ઓછામાં ઓછા વર્ષમાં એકવાર, યોગ્ય બાળ સુરક્ષા સંબંધિત કુશળતા અને જ્ઞાન આપવાનું જારી રાખવું જોઈએ.

13. તમામ કર્મચારીઓને તેમની સ્થાનિક વહેલી મદદની પ્રક્રિયાની જાણ હોવી જોઈએ અને તેમાં તેમની ભૂમિકા સમજવી જોઈએ.

14. તમામ કર્મચારીઓને બાળકોની સામાજિક સંભાળ માટે સ્થાનિક અધિકારીને રેફરલ માટેની અને વૈધાનિક મૂલ્યાંકન માટે,.[7] Children Act 1989 (બાળ અધિનિયમ 1989 હેઠળ)ખાસ કરીને કલમ 17 (જરૂરિયાતમંદ બાળકો) અને કલમ 47 (બાળક પીડિત છે, અથવા પીડિત, મહત્વપૂર્ણ નુકસાન થવાની સંભાવના છે) કે જે રેફરલ પછી થઈ શકે છે, તેમજ આવા મૂલ્યાંકનોમાં તેમની ભૂમિકાની અપેક્ષા રાખવામાં આવી શકે છે..

15. તમામ કર્મચારીઓને ખબર હોવી જોઈએ કે જો કોઈ બાળક તેમને કહે કે તેમની સાથે દુર્વ્યવહાર થાય છે, શોષણ થાય છે, અથવા તેમની ઉપેક્ષા કરવામાં આવે છે , તો શું કરવું જોઈએ. યોગ્ય સ્તરની ગોપનીયતા રાખવાની જરૂરિયાતનું કેવી રીતે ધ્યાન રાખવું તેની કર્મચારીઓને ખબર હોવી જોઈએ. આનો અર્થ એ છે કે ફક્ત એ જ લોકોને સમાવિષ્ટ કરવા જેમને સમાવિષ્ટ કરવા જરૂરી હોય, જેમ કે નિયુક્ત સુરક્ષા અધિકારી (અથવા ડેપ્યુટી) અને સ્થાનિક અધિકારી બાળકોની સામાજિક સંભાળ કર્મચારીઓએ ક્યારેય બાળકને વચન આપવું જોઈએ નહીં કે તેઓ દુર્વ્યવહારના રિપોર્ટ વિશે કોઈને કશું કહેશે નહીં, કારણકે આખરે આ બાળકના શ્રેષ્ઠ હિતમાં ન હોઈ શકે.

16. તમામ કર્મચારીઓ પીડિતોની સમસ્યાને ગંભીરતાથી લેવામાં આવી રહ્યા છે અને તેમને ટેકો આપવામાં આવી રહ્યો છે અને સુરક્ષિત રાખવામાં આવી રહ્યું છે તેવા આશ્વાસન આપવા માટે

સક્ષમ હોવા જોઈએ . પીડિતને ક્યારેય એવું લાગવું ન કરવું જોઈએ કે તેઓ કોઈપણ પ્રકારના દુર્વ્યવહાર અને/અથવા ઉપેક્ષાની જાણ કરીને સમસ્યા ઊભી કરી રહ્યાં છે. તેમજ જાણ કરવા માટે પીડિતે ક્યારેય શરમ અનુભવવી ન જોઈએ.

17. તમામ કર્મચારીઓ એ ધ્યાન રાખવું જોઈએ કે બાળકો કદાચ તૈયાર ન હોય અથવા કોઈને કેવી રીતે જણાવવું તે જાણતા ન હોય કે તેઓનું દુર્વ્યવહાર, શોષણ અથવા ઉપેક્ષા થઈ રહી છે અને/અથવા તેઓ તેમના અનુભવોને હાનિકારક છે એવું સમજી શકતા નથી. ઉદાહરણ તરીકે, બાળકો શરમ અનુભવી શકે છે, અપમાનિત થઈ શકે છે , અથવા તેમને ધમકી આપવામાં આવી રહી છે. આ તેમની નબળાઈ, અસમર્થતા અને/અથવા જાતીય અભિગમ અથવા ભાષા અવરોધોને કારણે હોઈ શકે છે. જો કર્મચારીઓને બાળક વિશે ચિંતા હોય, તો આનાથી તેઓને પ્રોફેશનલ જિજ્ઞાસા અને નિયુક્ત સુરક્ષા અધિકારી સાથે વાત કરવાથી અટકાવવું જોઈએ નહીં. તે પણ અગત્યનું છે કે કર્મચારી એ નક્કી કરે કે બાળકો અને યુવાનો સાથે કેવી શ્રેષ્ઠ રીતે વિશ્વાસપાત્ર સંબંધો બાંધવા, જે તેમની વચ્ચેની વાતચીતને સરળ બનાવે છે.

[7]વૈધાનિક આકારણીઓ વિશેની વિગતવાર માહિતી Working Together to Safeguard Children(બાળકોની સુરક્ષા માટે એકસાથે કાર્ય કરવું) માં મળી શકે છે.

## શાળા અને કોલેજના કર્મચારીઓએ શેનું ધ્યાન રાખવું જોઈએ

### વહેલી મદદ

18. કોઈપણ બાળક વહેલી મદદથી લાભ મેળવી શકે છે, પરંતુ શાળા અને કોલેજના તમામ કર્મચારીઓએ ખાસ કરીને બાળક માટે વહેલી મદદની સંભવિત જરૂરિયાત વિશે સાવધ રહેવું જોઈએ જે:

- અપંગ છે અથવા ચોક્કસ સ્વાસ્થ્ય સ્થિતિ ધરાવે છે અને જેને વિશેષ જરૂરિયાતો ધરાવે છે
- વિશેષ શૈક્ષણિક જરૂરિયાતો ધરાવે છે (તેમની પાસે વૈધાનિક શિક્ષણ, સ્વાસ્થ્ય અને સંભાળ યોજના હોય કે ના હોય)
- માનસિક સ્વાસ્થ્યની જરૂરિયાત છે
- એક યુવાન સંભાળ રાખનાર છે
- ગેંગ સંડોવણી અને સંગઠિત અપરાધી જૂથ સંકળાયેલ અથવા કાઉન્ટી લાઇન્સ (ગુનાહિત શોષણ) હોવાની સાથે સમાજ-વિરોધી અથવા ગુનાહિત વર્તણૂંકમાં દોરાઈ જવાના સંકેતો દર્શાવે છે
- શિક્ષણ, ઘર અથવા સંભાળમાંથી વારંવાર ગુમ થઈ જાય છે,
- બહુવિધ સસ્પેન્શનનો અનુભવ કર્યો છે, તેને શાળા, કોલેજો અને વૈકલ્પિક જોગવાઈ અથવા વિદ્યાર્થી રેફરલ યુનિટમાંથી કાયમી ધોરણે બાકાત રાખવાનું જોખમ છે.
- તેને આધુનિક ગુલામી, ટ્રાફિકિંગ (વેપાર), જાતીય અથવા ગુનાહિત શોષણનું જોખમ છે
- કટ્ટરતા અથવા શોષણના જોખમ પર છે
- માતાપિતા અથવા સંભાળ રાખનાર કસ્ટડીમાં છે, અથવા માતાપિતાના અપરાધથી પ્રભાવિત છે
- તે પરિવારની પરિસ્થિતિઓમાં ઘેરાયેલો છે જે બાળક માટે પડકારો રજૂ કરે છે, જેમ કે ડ્રગ અને દારૂના દુરૂપયોગ, વયસ્ક વ્યક્તિની માનસિક સ્વાસ્થ્ય સમસ્યાઓ અને ઘરેલુ અત્યાચાર
- પોતે દારૂ અને અન્ય દવાઓનો દુરુપયોગ કરે છે
- સ્ત્રી જનનાંગ વિચ્છેદન અથવા બળજબરીથી લગ્ન જેવા 'સન્માન' આધારિત દુરૂપયોગનું જોખમ હોય
- ખાનગી પણે અન્ય દ્વારા ઉછેરાયેલું (ફોસ્ટર) બાળક હોય

## દુર્વ્યવહાર, ઉપેક્ષા અને શોષણ

19. તમામ કર્મચારીઓએ અત્યાચાર અને ઉપેક્ષાના સૂચકોથી વાકેફ હોવા જોઈએ (નીચે જુઓ), એ સમજવું કે બાળકોને શાળા/કોલેજની અંદર અને બહાર, ઘરની અંદર અને બહાર અને ઓનલાઇન નુકસાનનું જોખમ હોઈ શકે છે. વ્યવસાયિક જિજ્ઞાસાનો ઉપયોગ કરવો અને અત્યાચાર અને ઉપેક્ષાની પ્રારંભિક ઓળખ માટે શું જોવું તે જાણવું મહત્વપૂર્ણ છે, જેથી કર્મચારી એવા બાળકોના કેસોને ઓળખી શકે કે જેમને મદદ અથવા રક્ષણની જરૂર હોય શકે છે.

20. તમામ શાળા અને કોલેજ કર્મચારીઓને એ વાતની જાણ હોવી જોઈએ કે અત્યાચાર, ઉપેક્ષા અને સુરક્ષા સંબંધી મુદ્દાઓ ભાગ્યે જ એકલ ઘટનાઓ છે જેને એક વ્યાખ્યા અથવા લેબલ દ્વારા ન આવરી શકાય.. 'મોટા ભાગના કિસ્સાઓમાં, બહુવિધ સમસ્યાઓ ઓવરલેપ થશે.

21. તમામ કર્મચારીઓએ, ખાસ કરીને નિયુક્ત સુરક્ષા અધિકારી (અને ડેપ્યુટી) એ બાળકોને તેમના ઘરની બહારની પરિસ્થિતિઓમાં  દુર્વ્યવહાર અથવા શોષણનું જોખમ તો નથી ને તે જોવું જોઈએ. પારિવારિક હાનિઓ વિવિધ પ્રકારના અલગ-અલગ સ્વરૂપો લે છે અને બાળકો જાતીય દુર્વ્યવહાર (પરંતુ તેના સુધી મર્યાદિત નથી) સહિત બહુવિધ હાનિઓ માટે સંવેદનશીલ હોઈ શકે છે (સતામણી અને શોષણ સહિત), તેમના પોતાના ઘનિષ્ઠ સંબંધોમાં ઘરેલું દુર્વ્યવહાર (કિશોરવયના સંબંધોનો દુરુપયોગ), ગુનાહિત શોષણ, ગંભીર યુવા હિંસા, કાઉન્ટી લાઇન્સ અને કટ્ટરવાદ શામેલ છે.

22. તમામ કર્મચારીઓને જાણ હોવી જોઈએ કે ઘણા રક્ષાત્મક અને સુખાકારીની બાબતોમાં ટેકનોલોજી એક મહત્વપૂર્ણ હિસ્સો છે. બાળકોને ઓનલાઈન તેમજ રૂબરૂ અત્યાચારનું જોખમ અને અન્ય જોખમ હોય છે. ઘણા કિસ્સાઓમાં અત્યાચાર અને અન્ય જોખમો એકસાથે ઓનલાઈન અને ઓફલાઈન બંને રીતે થાય છે. બાળકો અન્ય બાળકોનો ઓનલાઇન પણ દુરુપયોગ કરી શકે છે, આ અપમાનજનક, સતામણી, અને દુરુપયોગી/ગેરસંબંધી સંદેશાઓનું સ્વરૂપ લઈ શકે છે, અસંમતિ વિનાની અશ્લીલ તસવીરો શેર કરી શકે છે, ખાસ કરીને ચેટ જૂથોમાં , અને અપમાનજનક તસવીરો અને પોર્નોગ્રાફી એવી વ્યક્તિઓ સાથે શેર કરીને જેઓ આવી સામગ્રી મેળવવા માંગતા નથી.

23. **તમામ સંજોગોમાં, જો કર્મચારીઓ અચોક્કસ હોય, તો તેઓએ હંમેશાં નિયુક્ત સુરક્ષા અધિકારી અથવા ડેપ્યુટી સાથે વાત કરવી જોઈએ.**

## અત્યાચાર અને ઉપેક્ષાના સૂચકાંકો

24. **અત્યાચાર**: બાળક સાથેના દુર્વ્યવહારનો એક પ્રકાર. કોઈક હાનિ કરીને અથવા હાનિને થતી રોકવા માટે કાર્ય કરવામાં નિષ્ફળતા મેળવીને બાળક સાથે અત્યાચાર અથવા ઉપેક્ષા કરી શકે છે.

હાનિમાં એવા ખરાબ વ્યવહારનો સમાવેશ થઈ શકે છે જે શારીરિક નથી તેમજ અન્ય લોકો સાથે ખરાબ વ્યવહારને નજરથી જોવાની અસરનો પણ સમાવેશ થઈ શકે છે. આ ખાસ કરીને સંબંધિત હોઈ શકે છે, ઉદાહરણ તરીકે, ઘરેલું દુર્વ્યવહારના તમામ સ્વરૂપોની બાળકો પરની અસરના સંબંધમાં, જેમાં તેઓ તેની અસરો ક્યાં જુએ છે, સાંભળે છે અથવા અનુભવે છે તે બધુ શામેલ છે.  બાળકો સાથે તેમના પરિવારમાં અથવા સંસ્થાકીય અથવા સામુદાયિક વ્યવસ્થામાં લોકો જેમને તેઓ ઓળખે છે, અથવા ભાગ્યે જ, અન્ય લોકો દ્વારા  , અત્યાચાર થઈ શકે છે. અત્યાચાર સંપૂર્ણ ઓનલાઇન થઈ શકે છે અથવા ઓફલાઇન અત્યાચારને સરળ બનાવવા માટે ટેક્નોલૉજીનો ઉપયોગ થઈ શકે છે. બાળકો, વયસ્ક અથવા વયસ્કો અથવા બીજા બાળક અથવા બાળકો દ્વારા અત્યાચારનો ભોગ બની શકે છે.

25. **શારિરીક અત્યાચાર**: અત્યાચારનો એક પ્રકાર જેમાં બાળકને શારિરીક હાનિ પહોંચાડવી, મારવું , ઝંઝોડવું, ફેંકવું, ઝેર આપવું, દઝાડવું અથવા ગરમ પાણીથી કે વરાળથી દઝાડવું, ડુબાડવું, ગૂંગળાવવું અથવા અન્ય શામેલ થઈ શકે છે. જ્યારે માતાપિતા અથવા સંભાળકર્તા બાળકમાં માંદગીના લક્ષણો અંગે બનાવટ કરે છે અથવા ઇરાદાપૂર્વક માંદગીના લક્ષણો પેદા કરે છે ત્યારે પણ શારીરિક હાનિ થઈ શકે છે.

26. **ભાવનાત્મક અત્યાચાર**: બાળકના ભાવનાત્મક વિકાસ પર ગંભીર અને પ્રતિકૂળ અસરો કરવા માટે બાળક સાથે સતત ભાવનાત્મક દુર્વ્યવહાર. તેમાં બાળકોને, તેઓ નકામા અથવા અપ્રિય, અયોગ્ય, અથવા તે અન્ય વ્યક્તિની જરૂરિયાતોને પૂરી કરે છે ત્યારે જ તેમની કિંમત છે, તેવું અભિવ્યક્ત કરવાનો આશય શામેલ હોઈ શકે છે. તેમાં તેમના વિચારો વ્યક્ત કરવા બાળકને તકો ન આપવાનું, ઇરાદાપૂર્વક તેમને ચૂપ કરવા અથવા તેઓ જે કહે છે તે અથવા તેઓ કેવી રીતે વાતચીત કરે છે તે વિશે 'મજાક કરવી' શામેલ હોઈ શકે છે. તે બાળકો પર લાદવામાં આવતી ઉંમર અથવા વિકાસ સંબંધી અયોગ્ય અપેક્ષાઓ દર્શાવે છે. આમાં એવા આદાનપ્રદાન શામેલ હોઈ શકે છે કે જે બાળકની વિકાસ સંબંધી ક્ષમતાની બહાર હોય, તેમજ વધુ પડતું સંરક્ષણ અને સંશોધન અને શીખવાની મર્યાદા અથવા બાળકને સામાન્ય સામાજિક આદાનપ્રદાનમાં ભાગ લેતા અટકાવવું શામેલ હોઈ શકે છે. તેમાં બીજા પર થતા દુર્વ્યવહારને જોવા અથવા સાંભળવા શામેલ હોઈ શકે છે. તેમાં ગંભીર દાદાગીરી (બુલિઇંગ) (સાયબર દાદાગીરી સહિત), જેના કારણે બાળકો વારંવાર ડર અથવા જોખમ અનુભવે છે અથવા બાળકોનું શોષણ અથવા ભ્રષ્ટાચાર શામેલ હોઈ શકે છે. બાળકના તમામ પ્રકારના દુર્વ્યવહારમાં કેટલીક હદે ભાવનાત્મક અત્યાચાર શામેલ હોય છે, જો કે એકલો ભાવનાત્મક અત્યાચાર પણ થઈ શકે છે.

27. **જાતીય અત્યાચાર**: જાતીય પ્રવૃત્તિઓમાં ભાગ લેવા માટે બાળક અથવા યુવાન વ્યક્તિને બળજબરી કરવી અથવા લલચાવવું શામેલ છે, તે જરૂરી નથી કે તેમાં હિંસા શામેલ હોય, શું થઈ રહ્યું

છે તેની સમજ બાળકને હોય અથવા ન પણ હોય. આ પ્રવૃત્તિઓમાં શારીરિક સંપર્ક શામેલ હોઈ શકે છે, જેમાં ભેદન (પેનેટ્રેશન) દ્વારા હુમલો (ઉદાહરણ તરીકે બળાત્કાર અથવા મૌખિક સંભોગ) અથવા હસ્તમૈથુન, ચુંબન, રબિંગ અને કપડાંની બહાર સ્પર્શ જેવી ગેરભેદન (નોન-પેનેટ્રેટિવ) સંબંધિત પ્રવૃત્તિઓ શામેલ હોઈ શકે છે. તેમાં બિન-સંપર્ક પ્રવૃત્તિઓ શામેલ હોઈ શકે છે, જેમ કે બાળકોને જાતીય ચિત્રો જોવામાં અથવા તેના નિર્માણમાં, જાતીય પ્રવૃત્તિઓ જોવામાં શામેલ કરવું, બાળકોને જાતીય રીતે અનુચિત રીતે વર્તવા પ્રોત્સાહિત કરવા અથવા અત્યાચારની તૈયારીમાં બાળકને તાલીમ આપવી. જાતીય અત્યાચાર ઓનલાઇન થઈ શકે છે અને ઑફલાઇન અત્યાચારને સરળ બનાવવા માટે ટેક્નોલૉજીનો ઉપયોગ થઈશકેછે. જાતીય અત્યાચાર ફક્ત વયસ્ક પુરૂષ દ્વારા જ આચરવામાં આવે તેવું જરૂરી નથી. સ્ત્રીઓ પણ જાતીય અત્યાચારના કૃત્યો કરી શકે છે, તે જ રીતે અન્ય બાળકો પણ કરી શકે છે. બાળકોનો અન્ય બાળકો દ્વારા જાતીય દુર્વ્યવહાર એ શિક્ષણમાં સુરક્ષાનો એક ખાસ સવાલ છે અને તમામ કર્મચારીઓને તેના વિશે અને તેમની શાળા અથવા કૉલેજની નીતિ અને તેની સાથે નિપટવા માટેની પ્રક્રિયાઓ વિશે જાણ હોવી જોઈએ.

28. **ઉપેક્ષા:** બાળકના સ્વાસ્થ્ય અને/અથવા મનોવૈજ્ઞાનિક જરૂરિયાતોને પહોંચી વળવા સતત નિષ્ફળતા, જે બાળકના આરોગ્ય અથવા વિકાસની ગંભીર ક્ષતિમાં પરિણમી શકે છે. ગર્ભાવસ્થા દરમિયાન ઉપેક્ષા થઇ શકે છે, ઉદાહરણ તરીકે, ગર્ભાવસ્થા દરમિયાન કેફી દ્રવ્યોના દુરૂપયોગના પરિણામે. એકવાર બાળકનો જન્મ થઈ જાય પછી, ઉપેક્ષામાં માતાપિતા અથવા સંભાળ રાખનારની આ વાતોની નિષ્ફળતા શામેલ હોઈ શકે છે: પર્યાપ્ત ખોરાક, કપડાં અને આશ્રય પ્રદાન કરવું (જેમાં ઘરમાંથી બાકાત રાખવું અથવા ત્યજી દેવું શામેલ છે); બાળકને શારીરિક અને ભાવનાત્મક નુકસાન અથવા  જોખમોથી સુરક્ષિત કરો;પર્યાપ્ત દેખરેખની ખાતરી કરો (અપૂરતી સંભાળ રાખનારાઓના ઉપયોગ સહિત); અથવા યોગ્ય તબીબી સંભાળ અથવા સારવારની ઍક્સેસની ખાતરી કરો. તેમાં બાળકની મૂળભૂત ભાવનાત્મક જરૂરિયાતોની ઉપેક્ષા, અથવા તેના પ્રત્યે બિનપ્રતિભાવ પણ શામેલ હોઈ શકે છે.

## સુરક્ષાત્મક બાબતો

29. **તમામ** કર્મચારીઓને એવી સુરક્ષાત્મક બાબતો વિશે જાગૃતિ હોવી જોઈએ જે બાળકોને હાનિના જોખમમાં મૂકી શકે. ડ્રગ્સ લેવા અને/અથવા આલ્કોહોલનો દુરૂપયોગ, જાણી જોઈને શિક્ષણ ન લેવું, ગંભીર હિંસા (જેમાં કાઉન્ટી લાઇન્સ શામેલ છે), કટ્ટરપંથીકરણ અને નગ્ન અને અર્ધ-નગ્ન તસવીરો અને/અથવા વિડિયોની સહમતિથી અને બિન-સહમતિથી શેરિંગ જેવી બાબતો સાથે સંકળાયેલ વર્તન,.[8] એ એવા સંકેતો હોઈ શકે છે કે બાળકો જોખમમાં છે. નીચે કેટલાક સુરક્ષાત્મક મુદ્દાઓ છે જેના વિશે તમામ કર્મચારીઓને જાણ હોવી જોઈએ.

**આ સુરક્ષા બાબતો વિશે વધારાની માહિતી અને અન્ય સુરક્ષા બાબતો વિશેની માહિતી પરિશિષ્ટ B માં સમાવવામાં આવેલ છે.**

### બાળક પર બાળકદ્વારા અત્યાચાર

30. **તમામ** કર્મચારીઓએ ધ્યાન રાખવું જોઈએ કે બાળકો અન્ય બાળકો સાથે દુર્વ્યવહાર કરી શકે છે (ઘણી વખત તેને ચાઇલ્ડ-ઓન-ચાઇલ્ડ દુર્વ્યવહાર તરીકે ઓળખવામાં આવે છે), અને તે શાળા અથવા કૉલેજની અંદર અને બહાર તથા ઑનલાઇન બંને રીતે થઈ શકે છે. **તમામ** કર્મચારીઓએ, બાળક પર બાળક દ્વારા દુર્વ્યવહાર અંગે શાળાની કે કોલેજની નીતિ અને કાર્યવાહી અંગે સ્પષ્ટ હોવું જોઈએ અને તેને રોકવામાં તથા તેમને લાગે છે કે બાળકને તેનાથી જોખમ હોઈ શકે છે તો પ્રતિભાવ આપવામાં મહત્વની ભૂમિકા તેઓએ ભજવવાની છે .

31. **તમામ**કર્મચારીઓએ સમજવું જોઈએ કે જો તેમની શાળાઓ અથવા કોલેજોમાં કોઈ અહેવાલો ન હોય તો પણ તેનો અર્થ એ નથી કે દુર્વ્યવહાર થઈ રહ્યું નથી.  એવું બની શકે કે તેની જાણ ન થઈ રહી હોય. આ રીતે તે મહત્વનું છે કે જો બાળક દ્વારા બાળક પર અત્યાચાર અંગે **કોઈ** બાબત હોય તો તેઓએ તેમના નિયુક્ત સુરક્ષા અધિકારી (અથવા ડેપ્યુટી) સાથે વાત કરવી જોઈએ.

32. આ જરૂરી છે કે **તમામ**  કર્મચારીઓ બાળકો વચ્ચે પડકારરૂપ અયોગ્ય વર્તનના મહત્વને સમજે, જે વાસ્તવમાં દુર્વ્યવહાર છે. જેનાં ઉદાહરણો નીચે સૂચિબદ્ધ છે. અમુક વર્તનને ઓછુ આંકવું, ઉદાહરણ તરીકે જાતીય સતામણીને "માત્ર મજાક ઉડાવવી", "માત્ર હસવું", "મોટા થવાનો હિસ્સો" અથવા "છોકરાઓ જ છોકરાઓ" તરીકે અસ્વીકાર્ય વર્તણૂકોની સંસ્કૃતિ, બાળકો માટે અસુરક્ષિત વાતાવરણનું કારણ બની શકે છે. સૌથી ખરાબ પરિસ્થિતિઓ એક એવી સંસ્કૃતિ જે દુરુપયોગનેસામાન્ય બનાવે છે જેનાથી બાળકો તેને સામાન્ય તરીકે સ્વીકારે છે અને તેની જાણ કરવા આગળ આવતા નથી.

---

8 સંમતિપૂર્ણતસવીરો શેરિંગ માટે, ખાસ કરીને સમાન વયના મોટા બાળકો વચ્ચે, એક અલગ પ્રતિભાવની જરૂર પડી શકે છે. તે દુરુપયોગ ન હોઈ શકે- પરંતુ તો પણ બાળકોને જાણવાની જરૂર છે કે તે ગેરકાયદેસર છે- જ્યારે સહમતિ વિના ગેરકાયદેસર અને દુરુપયોગ છે. UKCIS નગ્ન અને અર્ધ નગ્ન તસવીરો અને વીડિયો શેર કરવા વિશે વિસ્તૃત સલાહ પ્રદાન કરે છે.

33. બાળક દ્વારા બાળક પર અત્યાચારમાં મોટે ભાગે નીચેનો સમાવેશ થાય છે, પરંતુ તે આના સુધી મર્યાદિત નથી:

- ગુંડાગીરી(બુલિઇંગ) (સાયબર ધમકી, પૂર્વગ્રહ આધારિત અને ભેદભાવયુક્ત ગુંડાગીરી (બુલિઇંગ) સહિત)
- બાળકો વચ્ચેના ઘનિષ્ઠ અંગત સંબંધોમાં દુર્વ્યવહાર (કેટલીકવાર 'ટીનેજ રિલેશનશિપ એબ્યુઝ' તરીકે ઓળખાય છે)
- શારિરીક અત્યાચાર જેવા કે મારવું, લાત મારવી, ઝંઝોડવું, બચકા ભરવા, વાળ ખેંચવા અથવા અન્યથા શારીરિક નુકસાન પહોંચાડવું; (આમાં ઓનલાઇન તત્વ શામેલ હોઈ શકે છે જે શારીરિક શોષણને સરળ બનાવે છે, ધમકી આપે છે અને/અથવા પ્રોત્સાહિત કરે છે)
- જાતીય હિંસા[9] જેમ કે બળાત્કાર, છેદનથી હુમલો અને જાતીય હુમલો; (આમાં ઓનલાઇન તત્વ શામેલ હોઈ શકે છે જે જાતીય હિંસાને સરળ બનાવે છે, ધમકી આપે છે અને/અથવા પ્રોત્સાહિત કરે છે)
- જાતીય સતામણી [10] જેમ કે જાતીય ટીકાઓ, ટિપ્પણીઓ, ટુચકાઓ અને ઓનલાઇન જાતીય સતામણી, જે એકલ અથવા દુરુપયોગની વ્યાપક પદ્ધતિનો હિસ્સો હોઈ શકે છે
- કોઈને સંમતિ વિના જાતીય પ્રવૃત્તિમાં સામેલ કરવા માટે, જેમ કે કોઈને કપડાં ઉતારવા, પોતાને જાતીય રીતે સ્પર્શ કરવા અથવા અન્ય વ્યક્તિ સાથે જાતીય પ્રવૃત્તિમાં જોડાવા માટે મજબૂર કરવું
- નગ્ન અને અર્ધ નગ્ન છબીઓ અને/અથવા વિડીયોઝ [11](જેને સેક્સટીંગ અથવા યુવા નિર્મિત જાતીય છબી તરીકે પણ ઓળખાય છે) ની સંમતિથી અને બિન-સંમતિથી શેર કરવી.
- અપસ્કીર્ટિંગg[12] જેમાં સામાન્ય રીતે જાતીય પ્રસન્નતા મેળવવા માટે તેના ગુપ્તાંગ અથવા નિતંબને જોવાના હેતુથી, અથવા પીડિતને અપમાનિત કરવા, તકલીફ આપવાનું અથવા ભયનું કારણ બબનવામાટેકોઈ વ્યક્તિના કપડાંની અંદરથી તેની પરવાનગી વગર તસવીર લેવાનો સમાવેશ થાય છે,અને
- દીક્ષા/હેઝિંગ પ્રકારની હિંસા અને ધાર્મિક વિધિઓ (આમાં કોઈ વ્યક્તિને ગ્રૂપમાં દાખલ કરવાની રીત તરીકે ઉપયોગમાં લેવાતી સતામણી, દુરૂપયોગ અથવા અપમાનને લગતી પ્રવૃત્તિઓ શામેલ હોઈ શકે છે અને તેમાં ઓનલાઈન તત્વ પણ શામેલ હોઈ શકે છે).

---

[9] જાતીય હિંસા વિશે વધુ માહિતી માટે ભાગ 5 અને પરિશિષ્ટ B જુઓ.

[10] For further information જાતીય સતામણી વિશે વધુ માહિતી માટે ભાગ 5 અને પરિશિષ્ટ B જુઓ.

[11] UKCIS માર્ગદર્શન: Sharing nudes and semi-nudes advice for education settings (શિક્ષણ સેટિંગ્સ માટે નગ્ન અને અર્ધ નગ્ન સલાહ શેર કરવી)

[12] 'અપસ્કર્ટીંગ' વિશેની વધુ માહિતી માટે પરિશિષ્ટ B જુઓ.

## ચાઇલ્ડ ક્રિમીનલ એક્સપ્લોઇટેશન (બાળ ગુનાહિત શોષણ) (CCE) અને ચાઇલ્ડ સેકસુઅલ એક્સપ્લોઇટેશન (બાળ જાતીય શોષણ) (CSE)

34. CCE અને CSE બંને શોષણના પ્રકારો છે અને તે બંને જ્યાં કોઈ વ્યક્તિ અથવા સમૂહ જાતીય અથવા ગુનાહિત પ્રવૃત્તિમાં કોઈ બાળકને બળજબરી કરવા કે તેની સાથે ચેડાં કરવા અથવા તેને પજવવા માટે સત્તામાં અસંતુલનનો લાભ લે છે ત્યારે સર્જાય છે. તે પીડિતને જોઈતી હોય અથવા ઇચ્છે તેવી વસ્તુ માટે અને/અથવા નાણાકીય લાભ માટે અથવા ગુનેગાર અથવા સહાયકની વધેલી સત્તા અને/અથવા હિંસા અથવા હિંસાના ધમકી દ્વારા વિનિમયનો સમાવેશ કરી શકે છે. CCE અને CSE બાળકો, છોકરા અને છોકરી બંનેને અસર કરી શકે છે અને શોષણના હેતુથી ખસેડવામાં આવેલા (સામાન્ય રીતે ટ્રાફિકિંગ (વેપાર કરવો) તરીકે ઓળખાતા) બાળકોનો સમાવેશ કરી શકે છે.

## ચાઇલ્ડ ક્રિમીનલ એક્સપ્લોઇટેશન (બાળ જાતીય શોષણ) (CCE))[13]

35. CCE ના કેટલાક વિશિષ્ટ સ્વરૂપોમાં બાળકોને કાઉન્ટી લાઈન મારફતે દવાઓ અથવા પૈસાની હેરફેર, ગાંજાની ફેક્ટરીઓમાં કામ કરવું, દુકાનદારી અથવા ખિસ્સા કાપવું શામેલ હોઈ શકે છે. તેમની સાથે વાહનનો ગુનો કરવા અથવા અન્ય લોકોને ગંભીર ધમકી આપવા/ગંભીર હિંસા કરવા માટે બળજબરી કરવામાં આવી શકે છે.

36. બાળકો આ પ્રકારના શોષણમાં ફસાઈ શકે છે કારણ કે ગુનેગારો પીડિતો (અને તેમના પરિવારો) ને હિંસાની ધમકી આપી શકે છે, અથવા તેમને દેવામાં ફસાવી બળજબરી કરી શકે છે. તેઓ છરીઓ જેવા હથિયારો લેવા બળજબરી કરી શકે છે અથવા અન્ય લોકોથી રક્ષણની ભાવના માટે છરી લઈ જવાનું શરૂ કરી શકે છે. ગુનાહિત શોષણમાં શામેલ બાળકો ઘણીવાર જાતે જ ગુના કરે છે, તેથી પીડિતો તરીકે તેમની નબળાઈ હંમેશા વયસ્ક લોકો અને વ્યાવસાયિકો (ખાસ કરીને મોટા બાળકો) દ્વારા ઓળખવામાં આવતી નથી, અને તેમણે નુકસાન અનુભવ્યું હોવા છતાં તેમને પીડિત તરીકે ગણવામાં આવતા નથી. બની શકે છે કે તેમનું હજી પણ ગુનાહિત રીતે શોષણ કરવામાં આવી રહ્યું હોય, પછી ભલે તે પ્રવૃત્તિ એવી લાગે કે તેઓ તેના માટે સંમત હોય અથવા સંમતિ આપી હોય.

37. છોકરીઓના ગુનાહિત શોષણનો અનુભવ છોકરાઓ કરતા ઘણો અલગ હોઈ શકે છે તે વાત નોંધવી મહત્વપૂર્ણ છે. સૂચકો સમાન ન પણ હોઈ શકે, જોકે વ્યાવસાયિકોએ ધ્યાન રાખવું જોઈએ કે છોકરીઓ પણ ગુનાહિત શોષણનું જોખમ ધરાવે છે. છોકરાઓ અને છોકરીઓ બંને જેમનું ગુનાહિત શોષણ થાય છે તેમનું જાતીય શોષણનું જોખમ વધુ હોઈ શકે છે તે વાત નોંધવી મહત્વપૂર્ણ છે.

## ચાઇલ્ડ સેક્સુઅલ એક્સપ્લોઇટેશન (બાળ જાતીય શોષણ) (CSE)

38. CSE એ બાળ જાતીય શોષણનું એક સ્વરૂપ છે. જાતીય દુર્વ્યવહારમાં શારીરિક સંપર્ક જેમાં ભેદન (પેનેટ્રેશન) દ્વારા હુમલો (ઉદાહરણ તરીકે બળાત્કાર અથવા મૌખિક સંભોગ) અથવા હસ્તમૈથુન, ચુંબન, રબિંગ અને કપડાની બહાર સ્પર્શ જેવી બિનભેદન પ્રવૃત્તિઓ શામેલ હોઈ શકે છે. તેમાં બિન-સંપર્ક પ્રવૃત્તિઓ સામેલ હોઈ શકે છે, જેમ કે જાતીય તસવીરોના નિર્માણમાં બાળકોને શામેલ કરવા, બાળકોને જાતીય તસવીરો જોવા અથવા જાતીય પ્રવૃત્તિઓ જોવા બળજબરી કરવી, બાળકોને જાતીય અયોગ્ય રીતે વર્તવા માટે પ્રોત્સાહિત કરવું અથવા ઇન્ટરનેટ મારફત દુરુપયોગ માટે બાળકને તૈયાર કરવું.

39. CSE સમય સાથેવારે વારે થઇ શકે છે અથવા એક-બે વારની ઘટના બની શકે છે, અને બાળકની તાત્કાલિકજાણ વગર થઇ શકે છે દા.ત. અન્ય લોકોના માધ્યમે સોશિયલ મીડિયા પર તેમની તસવીરો અથવા વીડિયો શેર કરવી.

Home Office's Serious Violence Strateg (હોમ ઑફિસની ગંભીર હિંસા વ્યૂહરચના)ના [13] પાના 48 સીઇ પર વ્યાખ્યા વિશે માહિતી જુઓ f

40. CSE કોઈપણ બાળકને પ્રભાવિત કરી શકે છે, કે જેને જાતીય પ્રવૃત્તિઓમાં શામેલ થવા માટે મજબૂર કરવામાં આવ્યું હોય. આમાં 16 અને 17 વર્ષના બાળકોનો સમાવેશ થાય છે જે કાયદેસર રીતે સેક્સ માટે સંમતિ આપી શકે છે. કેટલાક બાળકોને ખ્યાલ નહીં આવે કે તેમનું શોષણ થઈ રહ્યું છે અને તેઓ માને છે કે તેઓ સાચા રોમેન્ટિક સંબંધમાં છે.

### ઘરેલુ અત્યાચાર

41. ઘરેલું દુર્વ્યવહારમાં વર્તણૂકોની વિશાળ શ્રેણી આવી શકે છે અને તે એક ઘટના અથવા ઘટનાઓની પેટર્ન હોઈ શકે છે. તે દુર્વ્યવહાર મનોવૈજ્ઞાનિક, શારીરિક, જાતીય, નાણાકીય અથવા ભાવનાત્મક હોઈ શકે છે, પરંતુ તેના સુધી મર્યાદિત નથી. બાળકો ઘરેલું શોષણનો ભોગ બની શકે છે. તેઓ ઘરે દુરુપયોગની અસરો જોઈ, સાંભળી અથવા અનુભવી શકે છે અને/અથવા તેમના પોતાના ઘનિષ્ઠ સંબંધો (કિશોર સંબંધી દુરુપયોગ)માં ઘરેલું દુર્વ્યવહાર સહન કરી શકે છે. આ બધાની તેમના સ્વાસ્થ્ય, સુખાકારી, વિકાસ અને શીખવાની ક્ષમતા પર હાનિકારક અને લાંબા ગાળાની અસર થઈ શકે છે.

### સ્ત્રી જનનેન્દ્રિય વિચ્છેદન (ફીમેલ જેનીટલ મ્યૂટિલેશન) (FGM)

42. જ્યારે મહિલા જનનેન્દ્રિય છેદન (FGM) અંગેની કોઈપણ ચિંતાઓ વિશે **તમામ** કર્મચારીઓએ નિયુક્ત સુરક્ષાત્મક આગેવાની (અથવા ડેપ્યુટી) સાથે વાત કરવી જોઈએ, આ **શિક્ષકોની વિશિષ્ટ કાયદેસરની** ફરજ છે. [14] જો શિક્ષક, વ્યવસાયમાં તેમના કાર્ય દરમિયાન, જાણે છે કે 18 વર્ષથી ઓછી ઉંમરની છોકરી પર એફજીએમનું કૃત્ય કરવામાં આવ્યું છે, તો શિક્ષકે આની જાણ પોલીસને કરવી **અનિવાર્ય** છે. વધુ માહિતી માટે પૃષ્ઠ 160 જુઓ.

### માનસિક સ્વાસ્થ્ય

43. **બધા** કર્મચારીઓએ એ પણ ધ્યાન રાખવું જોઈએ કે માનસિક સ્વાસ્થ્ય સમસ્યાઓ, કેટલાક કિસ્સાઓમાં, સૂચક હોઈ શકે છે કે કોઈ બાળક સહન કરે છે અથવા તેની સાથે અત્યાચાર, ઉપેક્ષા અથવા શોષણ થવાનું જોખમ હોય છે.

---

[14] મહિલા જનનેન્દ્રિય છેદન અધિનિયમ 2003 ની કલમ 5B(11) (a) હેઠળ, "શિક્ષક" નો અર્થ છે, ઇંગ્લેન્ડના સંબંધમાં, શિક્ષણ અધિનિયમ 2002 ની કલમ 141A(1) ના અંતર્ગત એક વ્યક્તિ (ઇંગ્લેન્ડમાં શાળાઓ અને અન્ય સંસ્થાઓમાં શિક્ષણ કાર્ય હાથ ધરવા માટે નિયુક્ત કરાયેલી અથવા રોકાયેલી વ્યક્તિઓ).

44. ફક્ત યોગ્ય તાલીમ પામેલા વ્યાવસાયિકોએ માનસિક સ્વાસ્થ્ય સમસ્યાનું નિદાન કરવાનો પ્રયાસ કરવો જોઈએ. જો કે, બાળકોમાં તેમની વર્તણુક પરથી તેમને માનસિક આરોગ્યની સમસ્યા જણાતી હોય કે તેનું જોખમ જણાતું હોય તેનું રોજબરોજનું ધ્યાન રાખવામાં શૈક્ષણિક કર્મચારીઓ સારી સ્થિતિમાં હોય છે. શાળાઓ અને કોલેજો વધારાની માનસિક આરોગ્ય સહાયની જરૂરિયાતવાળા બાળકોને ઓળખવામાં મદદ કરવા માટે અન્ય સલાહનો ઉપયોગ કરી શકે છે, આમાં બાહ્ય એજન્સીઓ સાથે કામ કરવાનો સમાવેશ થાય છે.

45. જો કર્મચારીઓને કોઈ બાળક વિશે માનસિક સ્વાસ્થ્યની ચિંતા હોય તો તે પણ એક સુરક્ષાની ચિંતા છે અને તો તેમની શાળા અથવા કૉલેજની બાળ સુરક્ષા નીતિને અનુસરીને , અને નિયુક્ત સુરક્ષા અધિકારી કે ડેપ્યુટી સાથે વાત કરીને તાત્કાલિક પગલાં લેવા જોઈએ.

## ગંભીર હિંસા

46. **તમામ** કર્મચારીઓએ સૂચકો વિશે વાકેફ હોવું જોઈએ, જે બાળકોને જોખમમાં હોવાનું અથવા ગંભીર હિંસક ગુનામાં શામેલ હોવાનો સંકેત આપી શકે છે. આમાં શાળા અથવા કૉલેજમાં વધેલી ગેરહાજરી, મિત્રતામાં ફેરફાર અથવા વૃદ્ધ વ્યક્તિઓ અથવા જૂથો સાથેના સંબંધો, શૈક્ષણિક કાર્યક્ષમતામાં નોંધપાત્ર ઘટાડો, સ્વ-નુકસાનના સંકેતો અથવા સુખાકારીમાં નોંધપાત્ર ફેરફાર, અથવા હુમલો અથવા અસ્પષ્ટ ઇજાઓના સંકેતો શામેલ હોઈ શકે છે. ન સમજાય તેવી ભેટો અથવા નવી સંપત્તિ એ પણ સૂચવી શકે છે કે બાળકો ગુનાહિત નેટવર્ક અથવા ગેંગ સાથે સંકળાયેલા વ્યક્તિઓ દ્વારા સંપર્ક કરવામાં આવ્યા છે, અથવા તેમની સાથે સંકળાયેલા છે તે સૂચવી શકે છે અને તેમને ગુનાહિત શોષણનું જોખમ હોઈ શકે છે.

## વિશેષ માહિતી અને સહાય

47. વિભાગીય સલાહ What to do if you're worried a child is being abused: advice for practitioners (જો તમને લાગતું હોય કે કોઈ બાળક સાથે અત્યાચાર થઇ રહ્યો છે, તો શું કરવું: પ્રેક્ટિશનર્સ માટે સલાહ) દુર્વ્યવહાર અને ઉપેક્ષાને સમજવા અને ઓળખવા વિશે વધુ માહિતી પ્રદાન કરે છે. સલાહમાં દુર્વ્યવહાર અને ઉપેક્ષાના સંભવિત સૂચકોના ઉદાહરણો પ્રકાશિત કરવામાં આવ્યા છે અને તે ખાસ કરીને શાળા અને કોલેજ કર્મચારીઓ માટે સહાયરૂપ થશે. આ NSPCC વેબસાઇટ, દુર્વ્યવહાર અને ઉપેક્ષા અને શેનું ધ્યાન રાખવું જોઈએ તે અંગે ઉપયોગી વધારાની માહિતી પ્રદાન કરે છે.

**48. પરિશિષ્ટ B માં અત્યાચારના ચોક્કસ સ્વરૂપો અને સુરક્ષા બાબતો વિશે અગત્યની વધારાની માહિતી શામેલ છે. શાળા અને કોલેજના અગ્રણીઓએ અને તે કર્મચારીઓ જે બાળકો સાથે પરોક્ષ રીતે કાર્ય કરે છે તેઓએ પરિશિષ્ટ B વાંચવું જોઈએ.**

## જો કોઈ બાળક વિશે તેમને ચિંતા હોય તો શાળા અને કોલેજ કર્મચારીઓએ શું કરવું જોઈએ

49. બાળકો સાથે કામ કરતા કર્મચારીઓએ જ્યાં સુરક્ષાત્મક પગલાંનો પ્રશ્ન હોય ત્યાં '**અહીં થઈ શકે છે**'નું વલણ રાખવાની સલાહ આપવામાં આવે છે. જ્યારે બાળકના કલ્યાણ વિશે ચિંતિત હોય, ત્યારે કર્મચારીઓએ હંમેશા બાળકના **શ્રેષ્ઠ હિતોમાં** કાર્ય કરવું જોઈએ.

50. જો બાળકના કલ્યાણ વિશે કર્મચારીઓને **કોઈપણ ચિંતા** હોય, તો તેઓએ **તરતજ** તેના પર કાર્ય કરવું જોઈએ. જ્યારે તેમને કોઈ બાળક વિશે ચિંતા હોય ત્યારે કર્મચારીઓ માટેની પ્રક્રિયા દર્શાવતા ફ્લોચાર્ટ માટે પાનું નંબર 24 જુઓ.

51. જો કર્મચારીઓને કોઈ ચિંતા હોય, તો તેઓએ તેમના પોતાના સંગઠનની બાળ સંરક્ષણ નીતિનું પાલન કરવું જોઈએ અને નિયુક્ત સુરક્ષાત્મક આગેવાની (અથવા ડેપ્યુટી) સાથે વાત કરવી જોઈએ.

52. નિમ્ન વિકલ્પોનો સમાવેશ થાય છે:

- શાળા અથવા કોલેજની પોતાની પેસ્ટોરલ સહાય પ્રક્રિયાઓ દ્વારા આંતરિક રીતે બાળક માટે જરૂરી સહાય પુરી પાડવી
- પ્રારંભિક સહાય આકારણી હાથ ધરવી.[15]અથવા
- વૈધાનિક સેવાઓનો સંદર્ભ લેવો.[16] ઉદાહરણ તરીકે બાળકને મદદની જરૂર હોઈ શકે છે, જરૂર છે અથવા હાનિ થઈ રહી છે અથવા હાનિ થઈ શકે એમ છે.

53. નિયુક્ત સુરક્ષાત્મક આગેવાની અથવા ડેપ્યુટી સુરક્ષાત્મક પગલાંઓની ચર્ચા કરવા માટે હંમેશાં ઉપલબ્ધ હોવા જોઈએ. જો અપવાદાત્મક સંજોગોમાં નિયુક્ત સુરક્ષાત્મક આગેવાની (અથવા ડેપ્યુટી) ઉપલબ્ધ ન હોય તો આને કારણે યોગ્ય પગલાં લેવામાં વિલંબ થવો જોઈએ નહીં. કર્મચારીઓએ વરિષ્ઠ નેતૃત્વ ટીમના સભ્ય સાથે વાત કરવા અને/અથવા સ્થાનિક સંસ્થા બાળકોની સામાજિક સંભાળ પાસેથી સલાહ લેવા અંગે વિચારવું જોઈએ. આ સંજોગોમાં, કરવામાં આવેલી કોઈ પણ કાર્યવાહીને વ્યાવહારિકપણે શક્ય તેટલી જલ્દી નિયુક્ત સુરક્ષા અધિકારી (અથવા ડેપ્યુટી) સાથે શેર કરવી જોઈએ.

54. કર્મચારીએ એવું ધારી ન લેવું જોઈએ કે કોઈ સહયોગી અથવા અન્ય વ્યવસાયિક પગલાં લેશે અને માહિતીને શેર કરવી જોઈએ જે બાળકોને સુરક્ષિત રાખવા માટે નિર્ણાયક હોઈ શકે છે. તેઓએ ધ્યાન રાખવું જોઈએ કે અસરકારક ઓળખ,મૂલ્યાંકન અને યોગ્ય સેવા જોગવાઈની ફાળવણી, પછી ભલે સમસ્યાઓ પહેલી વાર આવી હોય, અથવા જ્યાં બાળકને સ્થાનિક અધિકારી જે બાળકોની સામાજિક સંભાળમાં (જેમ કે બાળકની જરૂરિયાત અથવા રક્ષણ યોજના ધરાવતું બાળક) હોય તે પહેલેથી જ જાણતા હોય તેમને વહેલી માહિતી શેર કરવી મહત્વપૂર્ણ છે. Information sharing: advice for practitioners providing safeguarding services to children, young people, parents and carers (માહિતીનું આદાન-પ્રદાન: બાળકો, યુવાન લોકો, માતા-પિતા અને સંભાળ

રાખનારાઓને સુરક્ષાત્મક સેવાઓ પ્રદાન કરનારા પ્રેક્ટિશનર્સ માટે સલાહ), તેવા કર્મચારીઓને ટેકો આપે છે જેમણે માહિતી શેર કરવા વિશે નિર્ણય લેવાના હોય. આ સલાહ ડેટા પ્રોટેક્શન એક્ટ 2018 (DPA) અને UK જનરલ ડેટા પ્રોટેક્શન રેગ્યુલેશન (UK GDPR) અંગે માહિતી અને વિચારણાઓ શેર કરવા માટેના સાત સુવર્ણ નિયમોનો સમાવેશ કરે છે.

[15] વહેલી મદદની આકારણીઓ વિશેની વધુ માહિતી, વહેલી મદદ સેવાઓની જોગવાઈઓ અને સેવાઓની પહોંચ મેળવવી એ Working Together to Safeguard Children (બાળકોની સુરક્ષા માટે એક સાથે કામ કરવું).ના પ્રકરણ 1 માં છે.

Working Together to Safeguard Children (બાળકોની સુરક્ષા માટે એકસાથે કામ કરવું)નું પ્રકરણ [16]નિર્ધારિત કરે છે કે સુરક્ષાત્મક ભાગીદારોએ પ્રવેશ (થ્રેશોલ્ડ) દસ્તાવેજ પ્રકાશિત કરવું જોઈએ જેમાં આકારણી અને વૈધાનિક સેવાઓ માટે ક્યારે કેસ, કલમ 17 અને 47 હેઠળ સ્થાનિક સત્તાધિકારી બાળકોની સામાજિક સંભાળને રીફર કરે તે માટે જરૂરિયાત સ્તર સહિતના માપદંડો સમાવિષ્ટ હોવા જોઈએ. સ્થાનિક અધિકારીએ, તેમના ભાગીદારો સાથે, મૂલ્યાંકન માટે સ્થાનિક પ્રોટોકોલ વિકસાવવા અને પ્રકાશિત કરવા જોઈએ. સ્થાનિકઅધિકારીને બાળકોની સામાજિક સંભાળ માટે એક વાર રીફર કરવામાં આવે તે પછી કેસ કેવી રીતે સંચાલિત કરવામાં આવશે તેની સ્પષ્ટ ગોઠવણ સ્થાનિક પ્રોટોકોલમાં સૂચિત હોવી જોઈએ.

55. **DPA અને UK GDPR બાળકોને સુરક્ષિત રાખવા અને તેમના કલ્યાણને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશ્યથી માહિતીને શેર કરવાથી રોકતા નથી.** જો માહિતી શેર કરવા વિશે કોઈ શંકા હોય, તો કર્મચારીઓએ નિયુક્ત સુરક્ષાત્મક આગેવાની અથવા ડેપ્યુટી સાથે વાત કરવી જોઈએ. માહિતી શેર કરવાનો ડર બાળકોના કલ્યાણને પ્રોત્સાહન આપવાની **જરૂરિયાતમાં અવરોધ ન** બને તે ધ્યાન રાખવું અનિવાર્ય છે.

## વહેલી મદદ મૂલ્યાંકન

56. જો વહેલી મદદ યોગ્ય હોય, તો નિયુક્ત સુરક્ષાત્મક આગેવાની (અથવા ડેપ્યુટી) યોગ્ય હોય તે મુજબ સામાન્ય રીતે અન્ય એજન્સીઓ સાથે સહકાર સ્થાપવા અને ઇન્ટર-એજન્સી આકારણીની સ્થાપના કરવા દોરાશે. વહેલી મદદ મૂલ્યાંકનમાં કર્મચારીઓને અન્ય એજન્સીઓ અને વ્યાવસાયિકોને મદદ કરવાની જરૂર પડી શકે છે, કેટલાક કિસ્સાઓમાં તેઓ મુખ્ય પ્રેક્ટિશનર તરીકે કાર્ય કરે છે. પ્રારંભિક મદદની જરૂરિયાતના અસરકારક મૂલ્યાંકન પર વધુ માર્ગદર્શન Working Together to Safeguard Children.મળી શકે છે. જો બાળકની પરિસ્થિતિમાં સુધારો ન થાય અથવા ખરાબ થઈ રહી હોય, તો આ પ્રકારના કેસોને સતત સમીક્ષા હેઠળ રાખવા જોઈએ અને વૈધાનિક સેવાઓ માટે સ્થાનિક અધિકારી બાળકોની સામાજિક સંભાળને રેફરલ આપવા અંગે વિચારણા કરવી જોઈએ

## વૈધાનિક બાળકોની સામાજિક સંભાળ મૂલ્યાંકન અને સેવાઓ

57. **જ્યાં બાળક પીડાતું હોય, અથવા તેને નુકસાન થવાની સંભાવના હોય, તે મહત્વપૂર્ણ છે કે સ્થાનિક સત્તાધિકારીને બાળકોની સામાજિક સંભાળ અને જો યોગ્ય લાગતું હોય તો ઉચિત પોલીસને** (see when to call the police: guidance for schools and colleges (npcc.police.uk)) ને .જાણ કરવામાં આવે રેફરલ માટે સ્થાનિક રેફરલ પ્રક્રિયાને અનુસરવી જોઈએ.

58. સ્થાનિક અધિકારી બાળકોની સામાજિક સંભાળના મૂલ્યાંકનમાં બાળકોને ઘરની[17,] બહારના સંદર્ભમાં ક્યાં નુકસાન થાય છે તે ધ્યાનમાં લેવું જોઈએ, તેથી તે મહત્વનું છે કે શાળા અને કોલેજો રેફરલ પ્રક્રિયાના ભાગ રૂપે શક્ય એટલી વધુ માહિતી પ્રદાન કરે. આ કોઈપણ મૂલ્યાંકનને તમામ ઉપલબ્ધ પુરાવા અને આવા નુકસાનને પહોંચી વળવા સંદર્ભિત અભિગમ સક્ષમ કરવામાં સહાય કરશે. વધારાની માહિતી અહીં ઉપલબ્ધ છે: Contextual Safeguarding (સંદર્ભિક સુરક્ષા).

59. ઑનલાઇન સાધન Report child abuse to your local council (તમારી સ્થાનિક કાઉન્સિલને બાળ દુર્વ્યવહારની જાણ કરો) સંબંધિત સ્થાનિક સત્તાધિકારીને બાળકોની સામાજિક સંભાળની સંપર્ક વિગતો તરફ નિર્દેશિત કરે છે

---

પારિવારિક ઘરની બહારના વાતાવરણ અને કૌટુંબિક નુકસાન વિશે વધુ માહિતી માટે[17] જુઓ working together (સાથે મળીને કામ કરવું)

## જરૂરતમંદ બાળકો

60. જરૂરિયાતમંદ બાળકને ચિલ્ડ્રન એક્ટ 1989 એવા બાળક તરીકે વ્યાખ્યાયિત કરવામાં આવે છે જે આરોગ્ય અથવા વિકાસનું વાજબી સ્તર હાંસલ કરવા અથવા જાળવી રાખવાની શક્યતા નથી અથવા જેનું સ્વાસ્થ્ય અને વિકાસ સેવાઓની જોગવાઈ વિના નોંધપાત્ર રીતે અથવા વધુ ક્ષતિગ્રસ્ત થવાની સંભાવના છે; અથવા અપંગ બાળક. સ્થાનિક અધિકારીઓએ તેમની સુરક્ષા અને કલ્યાણને પ્રોત્સાહનના હેતુઓ માટે જરૂરતમંદ બાળકો માટે સેવાઓ પ્રદાન કરવાની જરૂર છે. બાળકોની આકારણી section 17 of the Children Act 1989. (બાળ અધિનિયમ 1989 નીકલમ 17 હેઠળ) જરૂરિયાતમંદ બાળકોની આકારણી કરી શકાય છે.

## નોંધપાત્ર હાનિ સહન કરી રહેલા અથવા સહન કરવાની સંભાવના ધરાવતા બાળકો:

61. સ્થાનિક સંસ્થાઓની, યોગ્ય હોય તે રીતે અન્ય સંગઠનોની મદદથી, પૂછપરછ કરવાની ફરજ છે, જો તેમને તેવી સંભાવનાની શંકા હોવાનું વાજબી કારણ હોય કે બાળક સહન કરી રહ્યું છે અથવા નોંધપાત્ર હાનિ સહન કરવી પડી શકે છે. આ પ્રકારની પૂછપરછ તેમને બાળકના કલ્યાણની સુરક્ષા અને પ્રોત્સાહન માટે કોઈપણ પગલાં લેવા જોઈએ કે કેમ તે નક્કી કરવામાં સક્ષમ કરે છે અને જ્યાં દુર્વ્યવહારની ચિંતા હોય ત્યાં તે અવશ્ય શરૂ કરવી જોઈએ. આમાં તમામ પ્રકારના દુર્વ્યવહાર,ઉપેક્ષા અને શોષણનો સમાવેશ થાય છે.

## સ્થાનિક સત્તાધિકારી શું કરશે?

62. રેફરલ કર્યાના એક કાર્ય દિવસની અંદર, સ્થાનિક સંસ્થા સામાજિક કાર્યકરે રેફરરને રસીદ માન્ય કરવી જોઈએ અને આગામી પગલાં અને આવશ્યક પ્રતિભાવના પ્રકાર વિશે નિર્ણય લેવો જોઈએ. આમાં તે નિર્ધારિત કરવામાં આવશે કે શું:

- બાળકને તાત્કાલિક રક્ષણની આવશ્યકતા છે અને તાત્કાલિક કાર્યવાહી આવશ્યક છે
- શું બાળક અને પરિવાર ને કોઈપણ સેવાઓની આવશ્યકતા છે અને કયા પ્રકારની સેવાઓ
- બાળક જરૂરિયાતમંદ છે, અને બાળ અધિનિયમ 1989ની કલમ 17 હેઠળ મૂલ્યાંકન થવું જોઈએ. Working Together to Safeguard Children (બાળકોની સુરક્ષા માટે સાથે મળી કાર્ય કરવું ) પ્રકરણ મૂલ્યાંકન પ્રક્રિયાની વિગતો પ્રદાન કરે છે
- તેવી સંભવતાની શંકા હોવાનું વાજબી કારણ છે કે બાળક સહન કરી રહ્યું છે અથવા નોંધપાત્ર હાનિ સહન કરવી પડી શકે એમ છે અને શું પૂછપરછ કરવી અને બાળ અધિનિયમ 1989ની કલમ 47 હેઠળ બાળકની આકરણી કરવી અનિવાર્ય છે. Working Together to Safeguard Children (બાળકોની સુરક્ષા માટે સાથે મળી કામ કરવું) આકારણી પ્રક્રિયાની વિગતો પ્રદાન કરે છે, અને

- સ્થાનિક અધિકારીઓને આગળ કઈ કાર્યવાહી કરવી તે નક્કી કરવામાં મદદ કરવા વધુ નિષ્ણાત દ્વારા મૂલ્યાંકનની આવશ્યકતા છે.

63. જો આગામી માહિતી ન મળે તો રેફરરે તેનું અનુવર્તન (ફોલો-અપ) કરવું જોઈએ.

64. જો સામાજિક કાર્યકરો વૈધાનિક મૂલ્યાંકન હાથ ધરવાનું નક્કી કરે છે, તો કર્મચારીઓએ તે મૂલ્યાંકનને સમર્થન આપવા માટે જે કરી શકે તે બધું કરવું જોઈએ (જેમ જરૂરી હોય તે પ્રમાણે નિયુક્ત સુરક્ષા અધિકારી (અથવા ડેપ્યુટી) દ્વારા સમર્થિત).

65. જો, રેફરલ પછી, બાળકની પરિસ્થિતિમાં સુધારો થતો હોવાનું દેખાય નહીં તો રેફરર દ્વારા સ્થાનિક એસ્કલેશન પ્રક્રિયાઓનું અનુસરણ કરવા અંગે વિચારવું જોઈએ જેથી તે સુનિશ્ચિત કરી શકાય કે તેમની ચિંતાઓનું નિરાકરણ કરવામાં આવ્યું છે અને સૌથી અગત્યનું એ છે કે બાળકની સ્થિતિ સુધરે.

## રેકોર્ડની જાળવણી

66. બધી ચિંતાઓ, ચર્ચાઓ અને લેવામાં આવેલા નિર્ણય અને તે નિર્ણયો માટેના કારણો, લેખિતમાં નોંધાયેલા હોવા જોઈએ. જ્યારે શાળા અથવા કોલેજ દ્વારા કેસને જે રીતે નિયંત્રિત કરવામાં આવ્યો હોય તે વિશેની કોઈપણ ફરિયાદનો જવાબ આપો ત્યારે આ મદદરૂપ થશે. માહિતી ગોપનીય રાખવી જોઈએ અને સુરક્ષિત રીતે સંગ્રહિત કરવી જોઈએ. દરેક બાળક માટે અલગ બાળ સુરક્ષા ફાઇલમાં સમસ્યાઓ અને રેફરલ્સની માહિતી રાખવી સારી પ્રથા છે.

રેકોર્ડમાં શામેલ હોવી **જોઈએ**:

- સમસ્યાનો સ્પષ્ટ અને વ્યાપક સારાંશ
- સમસ્યા કેવી રીતે અનુસરવામાં આવી અને તેનું નિરાકરણ કરવામાં આવ્યું તેની વિગતો
- લેવાયેલા કોઈપણ કાર્યવાહીની, લેવાયેલ નિર્ણયો અને પરિણામની નોંધ.

67. જો રેકોર્ડિંગ આવશ્યકતાઓ વિશે કોઈ શંકા હોય, તો કર્મચારીએ નિયુક્ત સુરક્ષાત્મક આગેવાની (અથવા ડેપ્યુટી) સાથે ચર્ચા કરવી જોઈએ.

## આ બધું શા માટે મહત્વનું છે?

68. સંરક્ષણના જોખમોને દૂર કરવા, વધતી જતી સમસ્યાઓને રોકવા અને બાળકોના કલ્યાણને પ્રોત્સાહન આપવા માટે યોગ્ય સમયે યોગ્ય મદદ પ્રાપ્ત કરવી એ બાળકો માટે મહત્વપૂર્ણ છે. સંશોધન અને સ્થાનિક બાળ સુરક્ષા પ્રેક્ટિસ સમીક્ષાઓએ વારંવાર અસરકારક પગલાં લેવામાં નિષ્ફળતાના જોખમો દર્શાવ્યા છે.[18] સ્થાનિક બાળ સુરક્ષા પ્રેક્ટિસ સમીક્ષાઓ વિશે વધુ માહિતી Working Together to Safeguard Children.(બાળકોની સુરક્ષા માટે સાથે મળી કામ કરવું)પર મળી રહે છે. નબળી પ્રેક્ટિસના ઉદાહરણોમાં શામેલ છે:

- અત્યાચાર અને ઉપેક્ષાના પ્રારંભિક સંકેતો પર કાર્યવાહી કરવામાં અને રીફર કરવામાં નિષ્ફળતા

- રેકોર્ડની નબળી જાળવણી
- બાળકના વિચારો સાંભળવામાં નિષ્ફળતા
- પરિસ્થિતિઓમાં જયારે સુધારો થાય નહીં ત્યારે સમસ્યાઓનું પુનઃમૂલ્યાંકન કરવામાં નિષ્ફળતા
- એજન્સીમાં યોગ્ય લોકો સાથે અને એજન્સીઓ વચ્ચે માહિતી શેર ન કરવી
- માહિતીને ધીમે ધીમે શેર કરવી; અને
- જેઓ પગલાં લેતા ન જોવામાં આવી રહ્યા હોય તેમની સામે પડકારનો અભાવ.

[18]Aગંભીર કેસ સમીક્ષાઓનું વિશ્લેષણ gov.uk/government/publications/serious-case- reviews-analysis-lessons-and-challengesપર મળી રહે છે.

## જો શાળા અને કોલેજના કર્મચારીઓની સુરક્ષાની ચિંતા હોય અથવા અન્ય કર્મચારી સભ્ય વિશે આરોપ હોય તો શું કરવું જોઈએ

69. શાળાઓ અને કોલેજોમાં સ્ટાફના સભ્યો (પુરવઠા કર્મચારી, સ્વયંસેવકો અને કોન્ટ્રાક્ટરો સહિત) વિશેની કોઈ  સુરક્ષાની ચિંતા અથવા આરોપ (પછી ભલે તે ગમે તેટલા નાના હોય) નું સંચાલન કરવા માટે કાર્યપધ્ધતિ અને પ્રક્રિયાઓ હોવી જોઈએ.

70. જો કર્મચારીઓને સુરક્ષાની ચિંતા હોય અથવા કર્મચારીઓના અન્ય સભ્ય (પુરવઠા સ્ટાફ, સ્વયંસેવકો અને કોન્ટ્રાક્ટરો સહિત) વિશે બાળકોને નુકસાન પહોંચાડવાનો અથવા તેને નુકસાન પહોંચાડવાનું જોખમનો આરોપ મૂકવામાં આવ્યો હોય, તો:

- આ મુખ્ય શિક્ષક અથવા આચાર્યને રીફર કરવું જોઈએ
- જ્યાં મુખ્ય શિક્ષક અથવા આચાર્ય વિશે બાબત/આરોપ હોય, તો તેને ગવર્નરોના અધ્યક્ષ, વ્યવસ્થાપન સમિતિના અધ્યક્ષ અથવા સ્વતંત્ર શાળાના માલિકને રીફર કરવું જોઈએ, અને
- મુખ્ય શિક્ષક વિશે બાબત/આક્ષેપોના સંજોગોમાં, જ્યાં મુખ્ય શિક્ષક જ સ્વતંત્ર શાળાના એકમાત્ર માલિક પણ હોય, અથવા એવી પરિસ્થિતિ કે જ્યાં મુખ્ય શિક્ષકને આ બાબતની જાણ કરવામાં હિતની અથડામણ થતી હોય, તો આની સીધી જાણ નિયુક્ત સ્થાનિક અધિકારી(ઓ) (LADO)ને કરવી જોઈએ. તમારા સ્થાનિક LADO ની વિગતો તમારી સ્થાનિક સંસ્થાની વેબસાઇટ પર સરળતાથી ઉપલબ્ધ હોવી જોઈએ.

71. જો કર્મચારીઓને સુરક્ષાની ચિંતા હોય અથવા કર્મચારીઓના અન્ય સભ્ય (સપ્લાય કર્મચારી , સ્વયંસેવકો અથવા કોન્ટ્રાક્ટરો સહિત) વિશે આરોપ હોય કે જે નુકસાનની મર્યાદાને પૂર્ણ કરતા નથી તો તે શાળા અથવા કૉલેજની નિમ્ન-સ્તરની ચિંતા નીતિ અનુસાર શેર કરવી જોઈએ. વધુ વિગતો આ માર્ગદર્શનના ભાગ ચારમાં મળી શકે છે.

## શાળા અથવા કોલેજની અંદર જો સુરક્ષાત્મક પગલાં સંબંધિત વ્યવહારો અંગે ચિંતા હોય તો શાળા અથવા કોલેજ કર્મચારીઓ શું કરવું જોઈએ

72. તમામ કર્મચારીઓ અને સ્વયંસેવકોએ નબળા અથવા અસુરક્ષિત વ્યવહાર અંગે અને શાળા અથવા કોલેજની સુરક્ષાત્મક વ્યવસ્થામાં સંભવિત નિષ્ફળતા વિશે ચર્ચા કરવા સક્ષમ અનુભવવું જોઈએ અને તેમને તે જાણ હોવી જોઈએ કે આવી બાબતોને વરિષ્ઠ નેતૃત્વ ટીમ દ્વારા ગંભીરતાથી લેવામાં આવશે.

73. શાળા અથવા કોલેજની વરિષ્ઠ નેતૃત્વ ટીમ સામે આવી ચિંતાઓ રજૂ કરી શકવા માટે યોગ્ય વ્હિસલબ્લોઇંગ (ચેતવણી) પ્રક્રિયાઓ થવી જોઈએ.

74. જ્યાં કોઈ કર્મચારી સભ્ય તેમના નિયોક્તા સામે કોઈ સમસ્યા વ્યક્ત કરવામાં અસમર્થતા અનુભવે, અથવા એવું લાગે કે તેમની વાસ્તવિક ચિંતાઓને સંબોધવામાં નથી આવી રહી તો તેમના માટે અન્ય વ્હિસલબ્લોઇંગ ચેનલો ખુલ્લી હોય છે:

- વ્હિસલબ્લોઇંગ પર સામાન્ય સલાહ અહીં whistleblowing for employees (કર્મચારીઓ માટે)મળી શકે છે
- NSPCC Whistleblowing Advice Line પર એવા સ્ટાફ માટે વૈકલ્પિક માર્ગદર્શન ઉપલબ્ધ છે કે જેઓ આંતરિક રીતે બાળ સુરક્ષા નિષ્ફળતાઓ અંગે ચિંતા વ્યક્ત કરવામાં સક્ષમ ન હોય અથવા તેમની શાળા અથવા કૉલેજ દ્વારા ચિંતાનું સંચાલન કરવાની રીત અંગે ચિંતા હોય. કર્મચારીઓ 0800 028 0285 પર કૉલ કરી શકે છે અને લાઇન સોમવારથી શુક્રવાર 08:00 થી 20:00 અને સપ્તાહના અંતે 09:00 થી 18:00 સુધી ઉપલબ્ધ છે. ઈમેલ એડ્રેસ help@nspcc.org.ukછે[19]

[19] વૈકલ્પિક રીતે, કર્મચારીઓ નીચેના સરનામે લખી શકે છે: નેશનલ સોસાયટી ફોર ધ પ્રિવેન્શન ઓફ ક્રુઅલ્ટી ટુ ચિલ્ડ્રન (NSPCC), વેસ્ટન હાઉસ, 42 કર્ટેન, રોડ, લંડન EC2A 3NH.

## કાર્યવાહીઓ જ્યાં કોઈ બાળક વિશે ચિંતા હોય છે

કર્મચારીઓને બાળક વિશે ચિંતા હોય છે અને તાત્કાલિક પગલાં લે છે. કર્મચારીઓ તેમની બાળ સંરક્ષણ નીતિનું પાલન કરે છે અને નિયુક્ત સુરક્ષા સાથે વાત કરે છે અધિકારી[1]

શાળા/કોલેજ કાર્યવાહી

અન્ય એજન્સીની કાર્યવાહી

રેફરલની જરૂર નથી, શાળા/કોલેજ સુસંગત કાર્યવાહી કરે, સંભવતઃ પેસ્ટોરલ આધાર અને/અથવા વહેલી મદદ સહિત[2] અને સ્થાનિક રીતે દેખરેખ રાખવામાં આવે છે

જો ચિંતાઓ વધે તો રેફરલ[3] કરવામાં આવે

નિયુક્ત સુરક્ષાઅધિકારી અથવા કર્મચારીઓ[3] બાળકોની સામાજિક સંભાળ માટે રીફર કરે (અને જો યોગ્ય હોય તો પોલીસને કૉલ કરે)

1 કાર્યકારી દિવસની અંદર, સામાજિક કાર્યકર જરૂરી પ્રતિભાવના પ્રકાર વિશે નિર્ણય લે છે

બાળકને તાત્કાલિક રક્ષણની જરૂર છે: રેફરરને જાણ કરવામાં આવી છે

કલમ 47[4] યોગ્ય પૂછપરછ: સંદર્ભ આપનારને માહિતી આપી

કલમ 17[4] યોગ્ય પૂછપરછ: સંદર્ભ આપનારને માહિતી આપી

કોઈ ઔપચારિક મૂલ્યાંકન જરૂરી નથી: રેફરરને જાણ કરવામાં આવી છે

સામાજિક કાર્યકર, પોલીસ અથવા NSPCC દ્વારા યોગ્ય આપાતકાલીન કાર્યવાહી કરવામાં આવી[5]

નોંધપાત્ર હાનિના જોખમ પરના બાળકને ઓળખો[4]: સંભવિત બાળ સંરક્ષણ યોજના

જરૂરિયાતમંદ બાળકને ઓળખો[4] અને યોગ્ય સહાયનક્કી કરો

શાળા/કોલેજ પેસ્ટોરલ સહાય અને/અથવા વહેલી મદદ મૂલ્યાંકન અંગે[2] સાર્વત્રિક સેવાઓ અને અન્ય સહાય મેળવવા અંગે વિચારે છે

સામાજિક કાર્યકરોને સહાય પૂરી પાડવા માટે કર્મચારીઓએ તેઓથી બનતું બધું જ કરવું જોઈએ.
તમામ તબક્કે, કર્મચારીઓએ બાળકના સંજોગોને સમીક્ષા હેઠળ રાખવા જોઈએ (જરૂરી હોય તે અનુસાર, નિયુક્ત સુરક્ષા અધિકારી (અથવા ડેપ્યુટી) ને શામેલ કરીને) અને બાળકના સંજોગોમાં સુધારો સુનિશ્ચિત કરવા માટે યોગ્ય હોય તો પુનઃ રીફર કરવું જોઈએ - બાળકનું શ્રેષ્ઠ હિત હંમેશા પ્રાથમિકતા હોય તે અનિવાર્ય છે

1 એવા કિસ્સાઓ જેમાં કર્મચારી સભ્ય વિરુદ્ધ કોઈ સમસ્યા અથવા અત્યાચારના આરોપોનો પણ સમાવેશ થાય છે, આ માર્ગદર્શનનો ભાગ ચાર જુઓ.

[2] વહેલી મદદ એટલે બાળકના જીવનમાં કોઈપણ સમયે જ્યારે સમસ્યા આવે ત્યારે તરત જ સહાય પૂરી પાડવી. જ્યાં બાળકને સમન્વયિત વહેલી મદદથી લાભ થશે, ત્યાં વહેલી મદદ ઇન્ટર-એજન્સી મૂલ્યાંકનની ગોઠવણ કરવી જોઈએ. વહેલી મદદ પ્રક્રિયા વિશેની વિગતવાર માહિતીWorking Together to Safeguard Children (બાળકોની સુરક્ષા કરવા માટે એક સાથે કાર્ય કરવું) પર મળી શકે છે. [3] રેફરલ્સ દ્વારા સ્થાનિક પ્રવેશ (થ્રેશોલ્ડ) ડૉક્યુમેન્ટ અને મૂલ્યાંકન માટેના સ્થાનિક પ્રોટોકોલમાં દર્શાવેલ પ્રક્રિયાને અનુસરવી જોઈએ. જુઓ Working Together to Safeguard Children (બાળકોની સુરક્ષા માટે સાથે મળી કામ કરવું).

[4] બાળ અધિનિયન 1989 હેઠળ, સ્થાનિક અધિકારીએ તેમના કલ્યાણ માટે સુરક્ષાત્મક પગલાં અને પ્રોત્સાહનના હેતુઓ માટે જરૂરતમંદ બાળકોને સેવાઓ પૂરી પાડવી આવશ્યક છે. બાળ અધિનિયમ 1989 ની કલમ 17 હેઠળ જરૂરિયાતમંદ બાળકોનું મુલ્યાંકન કરી શકાય છે. બાળ અધિનિયમ 1989 હેઠળની કલમ 47 હેઠળ, જ્યાં સ્થાનિક સત્તાધિકારીઓને શંકા હોવાનું વાજબી કારણ છે કે

બાળક સહન કરી રહ્યું છે છે અથવા નોંધપાત્ર હાનિ સહન કરવી પડી શકે એમ છે તો બાળકના કલ્યાણ માટે સુરક્ષાત્મક પગલાં લેવા અથવા તેને પ્રોત્સાહન આપવા માટે પગલાં લેવા જોઈએ કે નહીં તે નક્કી કરવા માટે પૂછપરછ કરવી ફરજિયાત છે. સંપૂર્ણ વિગતો Working Together to Safeguard Children (બાળકોની સુરક્ષા માટે એકસાથે કાર્ય કરવું) માં છે

[5] આમાં ઇમરજન્સી પ્રોટેક્શન ઓર્ડર (EPO) માટે અરજીનો સમાવેશ થઈ શકે છે.